પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩ | ૨૫ માર્ચ, ૨૦૧૯, સોમવાર; ફાગણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ત્રાસવાદીઓના ૧૩ આર્થિક સહયોગીઓની ઓળખ

**ત્રાસવાદીઓ અને પથ્થરબાજોને નાણાં આપનારની ઓળખ થઈ : આક્રમક કાર્યવાહીનો દોર : હિઝબુલના લીડર સૈયદ સલાઉદ્દીન, હુર્રિયત નેતાઓ અને અન્ય કટ્ટરપંથીઓ કાશ્મીરમાં રક્તપાત સર્જવા મોટાપાયે નાણાં આપવાની ગતિવિધિમાં સામેલ**



જમ્મુ, તા.૨૪

ટેરર ફાઈનાન્સીયરોની સામે આક્રમક કાર્યવાહીનો દોર જારી રહ્યો છે. સુરક્ષા સંસ્થાઓ દ્વારા જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદના નેટવર્કને તોડી પાડવા માટે આક્રમક કાર્યવાહી યથાવત રીતે જારી રાખી છે. આના ભાગરૂપે સુરક્ષા સંસ્થાઓએ આતંકવાદીઓને ફંડ આપાનાર ફાઈનાન્સરોની ઓળખ કરી લીધી છે. આવા ૧૩ લોકોની ઓળખ કરવામાં આવી છે જે આતંકવાદીઓ અને પથ્થરબાજોને નાણાં આપી રહ્યા છે. પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈના ઈશારે આતંકવાદીઓ અને પથ્થરબાજોને આ લોકો નાણાં ઉપલબ્ધ કરાવી રહ્યા છે. જે ૧૩ લોકોની ઓળખ કરવામાં આવી છે તેમાં હિઝબુલના સ્થાપક લીડર સૈયદ સલાઉદ્દીન, કટ્ટરપંથી હુર્રિયતના નેતાઓ અને અન્ય કટ્ટરપંથી કારોબારીઓનો સમાવેશ થાય છે. આજે રવિવારના દિવસે અધિકારીઓ દ્વારા આ મુજબનો દાવો કરાયો હતો. અધિકારીઓએ કહ્યું હતું કે મોટાપાયે ટેરર ફાઈનાન્સિયરો સાથે જોડાયેલી સંપત્તિ જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. કેન્દ્ર સરકારે ૧૩ વ્યક્તિગતોને ઓળખી કાઢવામાં આવ્યા છે. તેમની સંપત્તિ પણ ઓળખી કાઢવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પુલવામા હુમલામાં વર્ચ્યુઅલ સીમનો ઉપયોગ કરાયો હતો

**તપાસમાં ભારત અમેરિકાની મદદ લેશે : : જૈશના આત્મઘાતી બોમ્બર, કાશ્મીર તેમજ પાકિસ્તાનમાં રહેલા આકાઓએ એકબીજાની સાથે વાતચીત કરી હતી**

શ્રીનગર, તા. ૨૪

ભારત પુલવામા હુમલા દરમિયાન ઉપયોગ કરવામાં આવેલા વર્ચ્યુઅલ સીમની સેવા આપનાર પાસેથી માહિતી માંગવા માટે અમેરિકાને અપીલ કરશે. પુલવામા હુમલામાં વર્ચ્યુઅલ સીમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તપાસમાં અમેરિકા ભારતની મદદ કરશે. અધિકારીઓએ કહ્યું છે કે આ સીમનો ઉપયોગ જૈશે મોહંમદના આત્મઘાતી બોમ્બર, કાશ્મીર અને પાકિસ્તાનમાં રહેલા તેના હેન્ડલરોએ હુમલા માટે કર્યો હતો.



ઘટનાની તપાસ, જમ્મુ-કાશ્મીર પોલીસ અને કેન્દ્રિય સુરક્ષા સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહી છે. ત્રાલ ઉપરાંત અન્ય અથડામણવાળા સ્થળો પર તપાસ કરવામાં આવી રહી છે. હુમલાખોર આદિલ દાર સરહદની નજીક જૈશની સાથે સંપર્કમાં હતો. ઘાતક હુમલાના મુખ્ય માસ્ટર માઈન્ડ મુદાસીર ખાન ત્રાલમાં અથડામણમાં ઠાર થયો હતો. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે સીઆરપીએફના કાફલા પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ જવાન શહીદ થયા હતા. અધિકારીઓના કહેવા મુજબ આ કામ કરવા માટેના તરીકા બિલકુલ નવા છે. જેમાં સરહદ પારથી ત્રાસવાદી એક વર્ચ્યુઅલ સીમનો ઉપયોગ કરી રહ્યા હતા. આ સીમ અમેરિકાની સેવા આપનાર કંપની દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ ટેકનોલોજીમાં કોમ્પ્યુટર એક ટેલિફોન નંબર જનરેટ કરે છે અને ઉપયોગ કરનાર પોતાના સ્માર્ટ ફોન પર સેવા આપનારની એક એપ્લિકેશનને ડાઉનલોડ કરે છે. આ નંબર વોટ્સએપ, ફેસબુક, ટેલિગ્રામ અથવા ટ્વીટર જેવી સોશિયલ નેટવર્કિંગ સાઈટ સાથે જોડવામાં આવે છે.

આ નેટવર્કીંગ સાઈટ મારફતે જનરેટ કરવામાં આવેલા વેરિફિકેશન કોડ સ્માર્ટ ફોન ઉપર આવે છે. ત્યારબાદ ઉપયોગ કરવાનાર વ્યક્તિ આનો ઉપયોગ કરી શકે છે. પુવલામા હુમલામાં આત્મઘાતી બોમ્બર ડાર આ ટેકનોલોજીના પ્રયોગથી જૈશના હેન્ડલરો સાથે સંપર્કમાં હતો.

# અંકુશરેખા પર ગોળીબારમાં જવાન શહીદ

**રાજસ્થાનના આર્મી જવાન હરી વાકર શહીદ : બાલાકોટમાં હવાઈ હુમલા કરાયા બાદ પાકિસ્તાન દ્વારા અવિરતપણે યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરાયો**

જમ્મુ, તા. ૨૪

જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા નાપાક હરકતોનો દોર જારી રાખવામાં આવ્યો છે. પાકિસ્તાન તરફથી વધુ એકવાર યુદ્ધ વિરામનો ભંગ કરીને અંકુશરેખા પર ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો છે. જેમાં સેનાના એક જવાનનું મોત થયું છે. પૂંચ સેકટરમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં રાજસ્થાનના આર્મી જવાન હરી વાકર ઘાયલ થયા હતા. તેમને આર્મી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમનું આજે મોત થયું હતું. પાકિસ્તાની સેનાએ શનિવારના દિવસે પૂંચ જિલ્લામાં અંકુશરેખા નજીક ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા ભારતે આક્રમક કાર્યવાહી કરી હતી. જેમાં ભારતીય જવાન હરી વાકરને ઈજા થઈ હતી. તેમને સારવાર માટે આર્મી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ આજે તેમનું મૃત્યુ થયું હતું. પુલવામા આતંકવાદી હુમલા બાદ ૨૬ ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાનના બાલાકોટમાં જૈશના આતંકવાદી કેમ્પો પર હવાઈ હુમલા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી જારી રહી છે.

પાકિસ્તાન દ્વારા સરહદ પર અવિરત ગોળબાર કરવામાં આવી રહ્યો છે. આંકડાઓ મુજબ ૨૬મી ફેબ્રુઆરી બાદથી રાજયમાં એલઓસી નજીક અને ખાસ કરીને પૂંચ અને રાજોરીમાં અનેક ગ્રામીણ વિસ્તારોને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાન તરફથી ગોળીબાર કરાઈ રહ્યો છે.

અંકુશરેખા પર ૧૨૫થી વધુ વખત યુદ્ધ વિરામનો ભંગ કરીને પાકિસ્તાને ગોળીબાર કર્યો છે. પાકિસ્તાની સેનાના આ ગોળીબારમાં છેલ્લા થોડાક દિવસમાં જ ચાર સામાન્ય નાગરિકોના મોત થયા છે.

## ન્યુઝ ટ્રેક

**દિલ્હી એઈમ્સની આગ**

દેશની સૌથી મોટી હોસ્પિટલ દિલ્હી એઈમ્સના એક ઓપરેશન થિયેટરમાં અચાનક આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. ટ્રોમા સેન્ટર સ્થિત ઓટીમાં આગ લાગતા ફાયરબ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

**આમ આદમી પાર્ટી યુપી-બિહારમાં લડશે**

આમ આદમી પાર્ટીએ ઘોષણા કરી છે કે તેઓ ઉત્તરપ્રદેશ અને બિહારની ત્રણ-ત્રણ સીટો પર ચૂંટણી લડશે. પાર્ટીએ પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે.

**આલિયા-રણબીર કપૂર બેસ્ટ એક્ટર**

૬૪મા ફિલ્મફેર એવોર્ડમાં આલિયા ભટ્ટની ફિલ્મ 'રાઝી' એ ધૂમ મચાવી દીધી છે. આલિયાને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો છે તો 'સંજૂ' માટે રણબીર કપૂરને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો છે.

# 'ચોકીદાર' માત્ર ધનવાનો માટે કામ કરે છે : પ્રિયંકા ગાંધી

**યૂપીના ખેડૂતોના શેરડીના બાકી નાણાં મુદ્દે પ્રિયંકાનો મોદી-યોગી પર વાર : યૂપીમાં ખેડૂતોને સરકારે ૧૦ હજાર કરોડની ચૂકવણી કરી નથી, તેમને દેશના ગરીબની કોઇ પણ પ્રકારની ચિંતા નથી**

ન્યુ દિલ્હી,તા.૨૪

કોંગ્રેસના મહાસચિવ



પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા. તેમણે ટ્વિટ કરીને જણાવ્યુ કે યુપીમાં ખેડૂતો દિવસ રાત મહેનત કરે છે. પરંતુ આ ખેડૂતોને યોગી સરકાર પુરતા પ્રમાણમાં વળત આપતી નથી. યુપીમાં ખેડૂતોને સરકારે ૧૦ હજાર કરોડની ચૂકવણી કરી નથી. પ્રિયંકા ગાંધીએ વધુમાં જણાવ્યુ કે, દેશનો ચોકીદાર માત્ર ધનવાનને ત્યા નોકરી કરે છે.

તેમને દેશના ગરીબની કોઈપણ પ્રકારની ચિંતા નથી. આ પહેલા પ્રિયંકા ગાંધીએ ગંગામાં બોટ યાત્રા દરમ્યાન બેરોજગારી, ગરીબી અને નોટબંધીનો મુદો ઉઠાવ્યો હતો. પ્રિયંકા ગાંધીએ જણાવ્યુ હતુ કે, મોદી સરકારની નીતિના કારણ દેશમાં ખેડૂત, યુવા અને મહિલાઓ હેરાન પરેશાન છે. મોદી સરકારે ગરબી સાથે અન્યાય કર્યો છે. ત્યારે ફરીવાર પ્રિયંકા ગાંધીએ પીએમ મોદી પર નિશાન સાધ્યુ છે.

ઉલ્લેખનીય છે કે, પ્રિયંકા ગાંધી સતત ઉત્તર પ્રદેશમાં નાની-નાની સભાઓ કરી રહ્યા છે. તેઓએ થોડા દિવસો પહેલા વારાણસી અને અલાહાબાદમાં બોટ યાત્રા કરી હતી. મળતી જાણકારી મુજબ, હવે તેઓ ૨૬ માર્ચે અયોધ્યાનો પ્રવાસ કરશે. પ્રિયંકા હનુમાન ગઢીના દર્શન કરવા ઉપરાંત રોડ શો એન શેરી સભાઓ પણ કરી શકે છે. પ્રિયંકા ૨૭ માર્ચે બુલંદખંડ અને ૨૮ માર્ચે બારાબંકી જઈ શકે છે.

# મોદીના પાંચ વર્ષ વિપક્ષના ૫૫ વર્ષો પર ભારે : યોગી

**અગાઉની સરકારોએ ઉત્તરપ્રદેશ અને દેશના વિકાસ માટે કોઈ પગલાઓ લીધા ન હતા : યુપીને ગુંડારાજમાંથી મુક્તિ : પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં યોગી દ્વારા આક્રમક પ્રચાર**

સહારનપુર, તા. ૨૪

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પશ્ચિમી ઉત્તરપ્રદેશથી ૨૦૧૯ લોકસભા ચુંટણી માટે ચુંટણી પ્રચારનું રણશીંગુ ફૂંક્યું હતું. સહારનપુરમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે માતા સાકુંભરીદેવીની આશિર્વાદ લીધા હતા અને ત્યારબાદ જનસભાને સંબોધી હતી. જેમાં યોગીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારની સિદ્ધિઓની વાત કરી હતી. યોગીએ કહ્યું હતું કે સમગ્ર દુનિયામાં મોદીની ધૂમ જોવા મળી રહી છે.મોદીના પાંચ વર્ષનું કામ વિપક્ષના ૫૫ વર્ષના કામ ઉપર પણ ભારે છે. આ ગાળા દરમિયાન યોગીએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે રાહુલને લાગે છે કે જે રીતે કેરી વૃક્ષ ઉપર થાય છે તે રીતે બટાકા પણ વૃક્ષ ઉપર જ થાય છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશથી ચુંટણી પ્રચારની શરૂઆત કરતા યોગીએ કહ્યું હતું કે અગાઉની સરકારોએ ઉત્તરપ્રદેશમાં અથવા તો દેશના વિકાસ માટે કોઈ કામ હાથ ધર્યા ન હતા.



ભાજપની સરકાર આવ્યા બાદ તમામ વર્ગના હિતોને ધ્યાનમાં લઈને યોજનાઓ લાવવામાં આવી રહી છે. પરોક્ષ રીતે રાહુલ ગાંધી પર પ્રહાર કરતા યોગીએ કહ્યું હતું કે તેઓ નામદારોના કુળ દિપકની વાત સાંભળી રહ્યા હતા. તેઓ કહી રહ્યા હતા કે શેરડીના વૃક્ષો લગાવવાની જરૂર નથી.

# આઝમગઢથી અખિલેશ યાદવ અને રામપુરથી આઝમ ખાન ચૂંટણી લડશે

**અખિલેશે પિતાનો વારસો જાળવ્યો,સ્ટાર પ્રચારકોની યાદીમાં મુલાયમસિંહનું નામ ગાયબ**

લખનઉ,તા.૨૪

સમાજવાદી પાર્ટીના



અધ્યક્ષ અખિલેશ યાદવની લોકસભા બેઠકને લઈને ચાલી રહેલી અટકળો પર વિરામ લાગી ગયો છે. સમાજવાદી પાર્ટી તરફથી જાહેર કરવામાં આવેલી નવી યાદી અનુસાર, અખિલેશ યાદવ આઝમગઢની બેઠક પરથી લોકસભા ચૂંટણી લડશે. નોંધનીય છે કે છેલ્લી લોકસભા ચૂંટણીમા આ બેઠક પરથી અખિલેશ યાદવના પિતા મુલાયમ સિંહ યાદવે વિજય મેળવ્યો હતો. જ્યારે આઝમ ખાન રામપુરથી લોકસભા ચૂંટણી લડશે.

સમાજવાદી પાર્ટીની નવી યાદીમાં ફક્ત બે નામ છે. જેમાં અધ્યક્ષ અખિલેશ યાદવ અને પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી આઝમ ખાનનું નામ છે. મીડિયા સાથેની વાતચીતમાં અખિલેશ યાદવે સંકેત આપ્યા હતા કે તેઓ આઝમગઢથી ચૂંટણી લડી શકે છે.

વાસ્તવમાં આઝમગઢને સમાજવાદીઓનો ગઢ માનવામાં આવે છે. અહીં લાંબા સમયથી સમાજવાદી નેતાઓનુ રાજ રહ્યું છે.૭૦ના દાયકા સુધી અહી કોગ્રેસનું રાજ રહ્યું પરંતુ બાદમાં સમાજવાદીઓએ આ બેઠક પર કબજો જમાવ્યો છે. વચ્ચે આ બેઠક એસપી અને બીએસપીમાં વહેંચાતી રહી. ૨૦૦૯માં ફક્ત એકવાર બીજેપી અહી જીત હાંસલ કરી શકી હતી.

સમાજવાદી પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે પોતાના સ્ટાર પ્રચારકોના નામની એક યાદી જાહેર કરી છે. જેમાં સમાજવાદી પક્ષના રાષ્ટ્રીય મહાસચિવ અખિલેશ યાદવ અને પ્રમુખ મહાસચિવ રામગોપાલ યાદવ સહિત તમામ નેતાઓના નામ સામેલ છે પરંતુ મુલાયમ સિંહ યાદવનું નામ યાદીમાં નથી.

# ડાન્સર સપના ચૌધરી કોંગ્રેસમાં નથી જોડાયા

ન્યુ દિલ્હી,તા.૨૪

હરિયાણવી ડાન્સર સપના ચૌધરીએ શનિવારે રાત્રે કોંગ્રેસનો ખેંસ ધારણ કર્યો હોવાના સમાચાર હતા જોકે, આ બધાની વચ્ચે સપના ચૌધરીએ આજે યૂ-ટર્ન લીધો છે, સપનાએ જણાવ્યું હતું કે તે ક્યારેય કોંગ્રેસમાં જોડાઈ જ નથી અને તેની પ્રિયંકા ગાંધી સાથેની તસવીર જે માધ્યમોમાં પ્રસારિત થઈ હતી તે હાલની નહીં પરંતુ જૂની તસવીર છે. છેલ્લા ઘણા દિવસોથી ડાન્સર સપના ચૌધરીની કોંગ્રેસમાં જોડાવાની વાતો માધ્યોમામાં ચર્ચાનો વિષય રહી હતી. એક ચર્ચા એવી પણ હતી કે સપના ચૌધરીને કોંગ્રેસ મથુરા લોકસભા બેઠક પરથી હેમા માલિની સામે લડાવશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

# વડાપ્રધાન મોદી વારાણસીની સાથે-સાથે દક્ષિણ બેંગ્લુરૂથી ચૂંટણી લડે તેવી સંભાવના

ન્યુ દિલ્હી,તા.૨૪

કોંગ્રેસે શનિવારે મોડી રાતે કર્ણાટકની ૧૮ બેઠકો પર પોતાનાં ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. કોંગ્રેસ અહીંયા ૨૦ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી રહી છે. જ્યારે બાકીની આઠ બેઠકો પરથી તેના ગઠબંધન સહયોગી જેડીએસનાં ખાતામાં છે.

કોંગ્રેસ ઉમેદવારોની આ યાદીને જોઈને ચોંકાવનારી વાત સામે આવે છે કે પાર્ટીએ દક્ષિણ બેંગલુરૂ અને ધારવાડની સીટ પર ઉમેદવારીની જાહેરાત નથી કરી. ધારવાડમાં ૨૩ એપ્રિલનાં ત્રીજા ચરણમાં મતદાન થશે. એટલે પાર્ટી પાસે હજી સમય છે. પરંતુ દક્ષિણ બેંગલુરૂ સીટ પર બીજા તબક્કામાં ૧૮ એપ્રિલનાં રોજ મતદાન થશે અને અહીં નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૨૬ માર્ચ છે.

છેલ્લા ઘણાં દિવસોથી તેવી ચર્ચા થઈ રહી છે કે વર્ષ ૧૯૯૧થી

● અનુસંધાન પાન-૭ પર



તૃતીય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સમય જિંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી.
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી.
આશા તમારી અધૂરી રહીને આંખ મિચાઈ ગઈ તમારી
આમ અચનાક આવેલી વિદાય કાળજુ અમારુ કંપાવી ગઈ
પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે
તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના અમારી...

સ્વ.રાજદિપસિંહ જસવંતસિંહ રહેવર
જન્મ તા. ૦૧-૦૮-૧૯૮૬
સ્વ. તા. ૨૫-૦૩-૨૦૧૬

સજનબા રહેવર (માતા)
જસવંતસિંહ રહેવર (પિતા)
ઉષ્માબા (પત્ની)
યાશવસિંહ રહેવર (પુત્ર)
સોનલબા (બહેન)
રૂપલબા (બહેન)
દિવ્યાબા (બહેન)